# પોલીસે ૪૪૪ લીટર દેશી દારૂ સાથે પાંચ મહિલા બુટલેગર અને યુવક પાસેથી ૧૯૨ પાઉચ દારૂ ઝડપ્યો

## શામળાજી નજીક ઠેંફમાંથી ૧૪૪ બોટલ દારૂ મળ્યો

રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી ૩૧મી ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણી નિમિત્તે યોજાતી પાર્ટીઓમાં વિદેશી દારૂનું સેવન






કરવાનું દૂષણ વધી રહ્યું છે. થર્ટી ફર્સ્ટ નજીક આવતા જ રાજ્યમાં દારૂ ઘૂસાડવાના અને ઝડપવાના બનાવો વધી રહ્યા છે. બુટલેગરો રાજયમાં અવનવી તરકીબો અજમાવીને વિદેશી દારૂની હેરાફેરી કરવા માટે પ્રયાસો કરી રહ્યા છે મોડાસા ટાઉન પોલીસે દેશી દારૂના ગૃહ ઉદ્યોગ માટે જાણીતા છારાનગર (જીવણપુર)ની નિશા નાથા છારા,રેશ્મા ઉમેશ છારા,કોમલ અમીત છારા પ્રિતી જયેશ છારા અને સોનિકા મંગા છારા નામની ૫ મહિલા બુટલેગરને સર્વોદયનગર ત્રણ રસ્તા નજીકથી બાતમીના આધારે દબોચી તલાસી લેતા પ્લાસ્ટિકની થેલીઓ માંથી ૪૪૪ લીટર દેશી દારૂ કીં.રૂ.૮૮૦૦/- નો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા ટાઉન પીઆઈ સી પી વાઘેલા અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હંગામી બસ સ્ટેન્ડ પાસે પૂઠાના બોક્ષની આડમાં વિદેશી દારૂની યુવક ખેપ મારી રહ્યો હોવાની બાતમી મળતા બાતમી આધારીત બુટલેગર પહોંચતા પોલીસે અટકાવી પુંઠાના બોક્ષની આડમાં સંતાડેલ વિદેશી દારૂના પાઉચ નંગ-૧૯૨ કીં.રૂ.૧૯૨૦૦/- નો જથ્થો જપ્ત કરી રાજસ્થાનના સેલાગુડા-ઢેલાણાના સંપત હંસરાજ કુમાવતની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા રાજસ્થાન તરફથી પુરઝડપે આવી રહેલી એકસયુવી (ગાડી.નં-જી ૦૨ એઉ ૯૯૯૯) શંકાસ્પદ જણાતા અટકાવવા જતા ગાડીના ચાલકે ગાડી દોડાવી મુકતા પોલીસે ખાનગી વાહનમાં પીછો કરતા અને સરકારી જીપમાં પેટ્રોલિંગ કરી રહેલી પોલીસને પણ જાણ કરતા વેણપુર નજીક પોલીસે કોર્ડન કરી એકસયુવીને અટકાવતા ગાડીનો ચાલક ગાડી રોડ પર મૂકી ડુંગરના જંગલોમાં નાસી છૂટ્યો હતો પોલીસે ગાડીમાં તપાસ કરતા વિદેશી દારૂની ૧૪૪ બોટલ કીં.રૂ.૧૦૩૬૮૦/- તથા એકસયુવી ગાડી મળી કુલ રૂ.૮૦૩૬૮૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કાર્ય હતા.

## કાણોદરમાં વરલી મટકાનો જુગાર રમતા બે ઈસમો ઝડપાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં દારૂ તથા જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસે સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું છે. પાલનપુર તાલુકા પોલીસે કાણોદરમાંથી ૯૦,૨૦૦ના મુદ્દામાલ સાથે ૨ જુગરિયાઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર તાલુકાના કાણોદરમાં બરખા હોટલ સામેથી નદીમભાઈ ઈસુબભાઈ ચૌહાણ રહે.નાની બજાર, પાલનપુર તથા સોએબભાઈ શબ્બીરભાઈ શેખ રહે.કમાલપુરા, પાલનપુર વાળાઓ મોબાઈલ આધારે વરલી મટકાનો જુગાર રમી રમાડતા રોકડ સહિત કુલ ૯૦,૨૦૦/- ના મુદ્દામાલ સાથે વરલીના આક લખાવનાર સાત ઈસમો મળી કુલ-૦૯ ઈસમો સામે જુગાર ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.



## પાલનપુર રેલવે ઓવર બ્રિજ બાજુના દબાણો તોડી પડાયા

પાલનપુરના પ્રવેશદ્વાર સમો રેલવે ઓવર બ્રિજ ઊંચો કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે રેલવે બ્રિજની કામગીરીમાં અડચણરૂપ દબાણો દૂર કરાયા હતા. પાલનપુર રેલવે સ્ટેશન પરથી ઈલેક્ટ્રિક ટ્રેન પસાર થવાની છે. ત્યારે રેલવે ઓવરબ્રિજને ઊંચો કરવાની કામગીરી હાથ ધરાઈ છે. ત્યારે રેલવે ઓવર બ્રિજને ઊંચો કરવાની કામગીરી આડે અવરોધરૂપ દબાણો આજે દૂર કરાયા હતા. આજે પાલનપુર નગરપાલિકા, સીટી સર્વે સુપ્રીટેડન્ટ, મામલતદાર અને રેલવેની ટીમ સાથે પોલીસ બંદોબસ્ત વચ્ચે જેસીબી મશીન વડે પાકા કાચા દબાણો દૂર કરાયા હતા. દબાણ દૂર કરવાની કાર્યવાહીને પગલે લોકોના ટોળેટોળા એકત્ર થયા હતા.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાના છેલ્લા બે હપ્તા મેળવવા અરજદારોના પાલિકામાં ધરમધક્કા

## ૪૦૦ અરજદારોના છેલ્લા બે હપ્તા ચાર માસથી ખાતામાં જમા થયા ન હોવાની રાવ

પ્રધાન મંત્રી આવાસ યોજનામાં નોંધાયેલા ૪૦૦ અરજદારોના છેલ્લા હપ્તાના ચેક અરજદારોના ખાતામાં જમા ન થતા અરજદારો પાલિકાના ધરમધક્કા ખાઈ રહ્યા છે.

ગરીબ અને મધ્યમ વ્યક્તિઓ પોતાના મકાનનું રીનોવેશન કરાવી શકે કે તે માટે પ્રધાન મંત્રી આવાસ યોજના અમલમાં મુકવામાં આવી છે. પરંતુ ૪૦૦ ઉપરાંત ના અરજદારોને યોજનાના છેલ્લા બે હપ્તા ચાર માસ ઉપરાંતના સમય ગાળાથી ચુકવવામાં આવ્યા નથી. જેના કારણે અરજદારો યોજનાના નાણાં માટે પાલિકાના ધરમધક્કા ખાઈ રહ્યા છે.

આ અંગે અરજદારે જણાવ્યુ હતુ કે, પાલિકાની યોજનાનો લાભ ગરીબ અને મધ્યમ લોકોને આપવામાં આવ્યો છે. પરંતુ મકાનના રીનોવેશનનું કામ ચાલુ કર્યા પછી સરકાર દ્વારા છેલ્લા બે હપ્તાના નાણાં ચાર માસ ઉપરાંતના સમય ગાળાથી આવ્યા ન હોવાથી રીનોવેશનનું કામ અધુરૂ રહ્યું છે. જેથી સરકાર દ્વારા નાણાં ઝડપથી ખાતામાં જમા કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

આ અંગે પાલિકા આવાસ યોજનાના સુત્રોએ જણાવ્યું હતુ કે છેલ્લા બે હપ્તા માટે ઉચ્ચ કક્ષાએ જાણ કરવામાં આવી છે. પરંતુ ગ્રાન્ટના અભાવે અરજદારોના ખાતામાં ચેકના નાણાં જમા નથી થયા ગ્રાન્ટ આવતાની સાથે છેલ્લા બે હપ્તા જેના બાકી છે. તેમના ખાતામાં નાણાં જમા કરવામાં આવશે.

## સુશાસન દિન નિમિત્તે ભિલોડામાં ભાજપની બેઠક યોજાઈ

ભારત દેશના પુર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપાઈના જન્મદિન નિમિત્તે સુશાસન દિવસ અરવલ્લી જીલ્લામાં ઉજવવામાં આવ્યો હતો. સુશાસન દિન નિમિત્તે ભિલોડામાં સાબર સેવા સંઘ સંચાલિત ગુરૂકુળ પ્રાથમિક અને માધ્યમિક શાળા પરીસરમાં ભાજપના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરોની વિશેષ બેઠક યોજાઈ હતી. રમણભાઈ પાટકર, ગુજરાત સરકાર આદિજાતિ - વન મંત્રી, જીલ્લા ભાજપ પ્રભારીએ સુશાસન દિનની ઉજવણી નિમિત્તે બેઠકમાં પ્રાસંગિક પ્રવચન અને માર્ગદર્શન આપ્યું હતું.

### ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ફરી એકવાર યુ-ટર્ન

# ઓનલાઈન પરીક્ષાની લોલીપોપ આપ્યા બાદ હવે ઓફલાઈન પરીક્ષા યોજવાનો નિર્ણય

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ ફરી એકવાર ભોપાળુ કાઢતા ઓનલાઈન પરીક્ષા યોજવાના પોતાના નિર્ણય પર બ્રેક મારી ગણતરીના કલાકો પૂર્વે ઓફલાઈન પરીક્ષા યોજવાનો નિર્ણય કરતા વિધાર્થી આલમમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે. છેલ્લી ઘડીએ ઓન લાઈન પરીક્ષા રદ કરતાં ઓનલાઈન પરીક્ષા આપવાનું મન બનાવી ચૂકેલા વિધાર્થીઓને હવે ગણતરીના કલાકો બાદ ઓફલાઈન પરીક્ષામાં બેસવાનું થતું હોઈ તેઓના મનોબળ પર અસર કરનાર યુનિવર્સિટીના નિર્ણય સામે નારાજ છાત્રો લાલઘૂમ જોવા મળ્યા હતા.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોલેજની પરીક્ષાઓ ઓફલાઈન અને ઓનલાઈન યોજવાનો નિર્ણય કરાયો હતો. જે અંગેના વિકલ્પ પણ છાત્રોને અપાયા હતા. જોકે, વિવાદોમાં રહેતી યુનિવર્સિટીના પરિપત્ર માં ઓનલાઈન પરીક્ષા મામલે માર્કશીટ માન્ય રાખવા સામે સવાલો ઉઠાવતી શરત મુકતા વિધાર્થીઓનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. દરમિયાન, પોતાની તઘલખી નિર્ણય સુધારવાને બદલે યુનિવર્સિટીએ વિધાર્થીઓના વ્યાપક હિતને ધ્યાને લીધા સિવાય ઓનલાઈન પરીક્ષા લેવાનું જ રદ કરી ઓફલાઈન પરીક્ષા યોજવાનો નિર્ણય કરતા ઓન લાઈન પરીક્ષા આપવા માંગતા વિધાર્થી ઓએ આંચકો અનુભવ્યો છે. છેક છેલ્લી ઘડીએ ઓનલાઈન પરીક્ષા રદ કરી ૨૮મીથી શરૂ થતી ઓફલાઈન પરીક્ષા યોજવાના યુનિવર્સિટીના નિર્ણય ને લઈને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિધાર્થીઓને છેલ્લી ઘડીએ રહેવા જમવાની વ્યવસ્થા કરવાની દોડધામ મચી જતા છાત્રોમાં નારાજગી જોવા મળી હતી.




## ડીસામાં રબારી સમાજ દ્વારા પૂજય બળદેવગીરી બાપુને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ડીસા શહેરના સાઈબાબા મંદિર આગળ ડીસા રબારી સમાજ દ્વારા વાળીનાથના પૂજય બળદેવગીરી બાપુને પુષ્પાંજલિ આપવામાં આવી હતી. સમસ્ત રબારી સમાજ ની ગુરૂગાદી અને આસ્થાના કેન્દ્ર સમા શ્રી વાળીનાથ અખાડા તરભ ના પરમ પૂજય મહંત ૧૦૦૮ શ્રી બળદેવગીરીજી બાપુ ૧૦૩ વર્ષની વયે બ્રહ્મલીન થતા રબારી સમાજમાં ભારે દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે. ત્યારે શનિવારે સમસ્ત રબારી સમાજ ડીસા દ્વારા શહેરના સાઈબાબા મંદિરના પ્રવેશદ્વાર આગળ પૂજય બળદેવગીરી બાપુના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે રબારી સમાજના વડીલો સહિત યુવાનો હાજર રહ્યાં હતાં.

## પગિયાના મુવાડામાં પ્રેમ પ્રકરણમાં યુવતીના પરિવારજનો સામે રાયોટીંગનો ગુન્હો નોંધ્યો

મોડાસા, તા. ૨૬

બાયડ તાલુકાના પગીયાના મુવાડા ગામે શુક્રવારે સવારના સુમારે પ્રેમ પ્રકરણમાં યુવતીના પરિવારજનોએ પ્રેમી યુવકને થાંભલા સાથે બાંધી તાલીબાની સજા આપવાની સાથે યુવતીની લાશ કુવામાંથી મળ્યા બાદ યુવતીના પરિવારજનો અને ટોળું બેકાબુ બની યુવકને મારી નાખવા માંગતું હોય તેમ તૂટી પડતા અને પોલીસ સાથે પણ ઘર્ષણ પેદા થતા બેકાબુ બનેલ ટોળા માંથી યુવકને બચાવવા પોલીસે આખરે હવામાં ફાયરિંગ કરી ટોળાને વિખેરી નાખી યુવકને તાબડતોડ વાત્રક હોસ્પિટલમાં ખસેડાયો હતો આ ઘટના બાદ કાયદો હાથમાં લેનાર ટોળા સામે સાઠંબા પોલીસે ટોળા સામે રાયોટીંગનો ગુન્હો નોંધ્યો છે બીજીબાજુ યુવતીના પરિવારજનો અને ટોળાના મારનો ભોગ બનેલ યુવકે યુવતીના ૮ પરિવારજનો સામે નામજોગ ગુન્હો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી યુવતીના આકસ્મીક મોતનો ગુન્હો નોંધાયો છે.

બાયડ તાલુકાના પગીયાના મુવાડા ગામે પ્રેમ પ્રકરણમાં મનીષા નામની યુવતી ગુમ થતા યુવતીના પરિવારજનોએ અને ટોળાએ પ્રેમી યુવક સાવનસિંહ કરસનસિંહ સોલંકીને ઘર નજીક થાંભલા સાથે દોરડા વડે બાંધી ઢોર મારમારવાનું શરૂ કર્યા બાદ યુવતીની લાશ નજીકના કુવામાંથી મળી આવ્યા બાદ યુવકે યુવતીની હત્યાની આશંકા રાખી ટોળું બેકાબુ બન્યું હતું અને યુવક પર તુટી પડ્યા હતા સમગ્ર ઘટનાની જાણ સાઠંબા પોલીસને કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

# ડીસાના કાતરવા નજીક વાહનની ટક્કરથી પદયાત્રી મહિલાનું મોત

## અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ

ડીસા, તા. ૨૬

ડીસા પંથકમાં ગેળા પગપાળા દર્શનાર્થે જતાં મહિલાને અકસ્માત નડતાં ઘટના સ્થળે જ મોત થતાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. પંથકના પતિ-પત્નિ ચાલતાં યાત્રાધામ ગેળાં દર્શનાર્થે જતાં હતા. આ દરમ્યાન અચાનક અજાણ્યાં વાહન ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેમાં મહિલાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થતાં પંથકમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે. ઘટનાને લઈ સ્થાનિકો સહિત પોલીસે દોડી આવી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા પંથકના કાતરવા ગામ નજીક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ડીસાના ચાર્ટડ એકાઉન્ટન્ટ લલિતભાઈ ટાંક તેમની પત્નિ દક્ષાબેન સાથે યાત્રાધામ ગેળાં પગપાળા જતાં હતા. આ તરફ કાતરવા ગામ નજીક એક બેફામ બનેલા અજાણ્યાં વાહન ચાલકે દક્ષાબેનને અડફેટે લીધા હતા.



જેમાં દક્ષાબેનનું મોત થયુ હોવાની સામે આવ્યુ છે.

ડીસા પંથક સહિત બનાસકાંઠા જીલ્લા સતત માર્ગ અકસ્માતી ઘટનાઓ સામે આવી રહી છે. જેમાં ડીસા પંથકના કાતરવા નજીક માર્ગ અકસ્માતી ઘટનામાં એક મહિલાનું મોત થયુ છે. ઘટનાને લઈ સ્થાનિક પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અંગે મોકલી આપી હતી. ઘટનાની જાણ થતાં માળી સમાજના લોકો મોટી સંખ્યામાં ડીસા સિવીલ ખાતે ઉમટી પડ્યા હતા. સમગ્ર મામલે પોલીસે અજાણ્યાં વાહન ચાલક સામે ગુનો નોંધવા કવાયત હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો

### પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા : ભારત રત્ન અટલજીના જન્મ દિવસને સુશાસન દિન તરીકે ઉજવાય છે : દેશના ૯ કરોડ ખેડૂતો ના ખાતામાં ૧૮ હજાર કરોડથી વધુ રકમ ખેડૂતોના ખાતામાં નાખી

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે સ્વ. અટલબિહારી બાજપાઈ ના જન્મ દિવસ ની દેશભરમાં સુશાસન દિવસ તરીકે ઉજવણી થઈ રહી છે ત્યારે પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે પણ કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો




ઉજવણી અંતર્ગત સુશાસન દિવસે કિસાન કલ્યાણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન એવા સ્વ. અટલબિહારી બાજપાઈ ની ૯૭ મી જન્મજયંતિ અંતર્ગત હતો જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નીતિનભાઈ પટેલ, ખેતી વિભાગ અધિકારી હર્ષદભાઈ ભાઈ પટેલ , નાર્ડલ અધિકારી ડાં.જે.બી પટેલ, બાગાયત મદદનીશ અધિકારી નિલેષભાઈ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સેક્રેટરી શૈલેષભાઈ પટેલ તેમજ ખેતીવાડી વિભાગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો જેમાં ૨૫મી ડીસેમ્બર ભારત ના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલજી ના જન્મ દિવસને સુશાસન દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો અને આ વર્ષે દેશભરમાં કિસાન કલ્યાણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ ખાતે પણ વિડીયો સ્કીન દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી એ વિડિયો કોન્ફરન્સ દ્વારા દેશના કરોડો કિસાનોને સંબોધ્યા હતાં અને આજ ના દિવસે વડાપ્રધાન મોદી એ દેશના ૯ કરોડ ખેડૂતો ના ખાતા માં રૂપિયા ૧૮ હજાર કરોડથી વધુ રકમ ખેડૂતો ના ખાતા માં જમા કરાવી હતી.

# ડીસાના જીવદયાપ્રેમી ભરત કોઠારી સહિત ત્રણના મોત

## રાજસ્થાનના જાલોર નજીક માર્ગ અકસ્માત નડ્યો : જીવદયાપ્રેમીના અકાળે મોતથી બનાસવાસીઓના હૈયા હચમચી ઉઠ્યા

ડીસા, તા. ૨૬

ડીસાના જાણીતા જીવદયાપ્રેમીનું રાજસ્થાનમાં માર્ગ અકસ્માતની ઘટનામાં મોત થતાં પંથકમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે. અકસ્માતની ઘટનામાં એકસાથે ત્રણ લોકોના મોત થયા છે. ઘટનાની જાણ થતાં ડીસા સહિત પાંજરાપોળ સંચાલકો અને જીવદયા પ્રેમીઓમાં મજબૂત સાથી ગુમાવ્યો હોવાની ખોટ પડી છે. તાજેતરમાં પાંજરાપોળ માટે લડત ચલાવ્યાંને ગણતરીના દિવસોમાં ભરત કોઠારીનું મોત થતાં શોકમગ્ન સ્થિતિ સર્જાઈ છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાની રાજપુર- ડીસા પાંજરાપોળના સંચાલક ભરતભાઈ કોઠારીનું અકસ્માતની ઘટનામાં મોત થયુ છે. જીવદયાપ્રેમી ભરતભાઈ કોઠારી, વિમલભાઈ જૈન અને રાકેશભાઈ જૈનને રાજસ્થાનના જાલોર પાસે અકસ્માત નડયો હતો. માર્ગ અકસ્માતની દુર્ઘટનામાં જીવદયાપ્રેમી ભરતભાઈ કોઠારી સહિત ત્રણ વ્યક્તિના મોત થતાં અરેરાટી સાથે હાહાકાર મચી ગયો છે. પાંજરાપોળ સંચાલકોના આગેવાન અને બનાસકાંઠાના




પ્રથમ હરોળના જીવદયાપ્રેમી ભરતભાઈ કોઠારીના મોતથી જિલ્લાભરમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, મૃતક ભરતભાઈ કોઠારીએ તાજેતરમાં કોરોના કાળમાં પાંજરાપોળ સંચાલકોની કફોડી હાલત અંગે આંદોલન સહિત લડત ચલાવી હતી અને રાજ્ય સરકાર સમક્ષ પાંજરાપોળો અને ગૌશાળા ઓની વેદના અંગે ભરત કોઠારીએ વાચા આપી હતી. જેથી રાજ્ય સરકારે પશુ દીઠ સહાય મંજુર કરી હતી.

જોકે તેના ગણતરીના દિવસોમાં મોત થતાં બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતની પાંજરાપોળ, ગૌશાળા અને ગૌરક્ષક સંસ્થાઓને મોટી ખોટ પડી છે. પ્રખર જીવદયા પ્રેમી અને અબોલ જીવોના મસીહા ગણાતા ભરતભાઈ કોઠારીના અકાળે નિધનથી પંથકે એક બાહોશ અને નીડર યોદ્ધા ગુમાવ્યો છે. તેથી ડીસા સહિત બનાસકાંઠા જિલ્લા અને રાજસ્થાનમાં પણ શોકની લાગણી છવાઈ છે. જયારે જીવદયા પ્રેમીઓએ તેમના આકસ્મિક નિધનથી આઘાતનો આંચકો અનુભવ્યો છે. મોટા ગજાના જીવદયા પ્રેમીના નિધનથી ખાલીપો સર્જાયો છે. તેથી કરુણ ઘટનાને લઈ બનાસવાસીઓના હૈયા હચમચી ઉઠ્યા છે.